# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(GONG MUSIC)

------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SANGHAVI SURAT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના મલગામા ખાતે ફાઉન્ટેનહેડ શાળાનું ભૂમિપૂજન કર્યું. તેમણે બાળકોને માત્ર પુસ્તકિયું જ્ઞાન જ નહીં પરંતુ આધુનિક સુવિધાઓ સાથેનું ઉત્તમ શૈક્ષણિક વાતાવરણ મળે તે સિદ્ધાંત પર નિર્માણાધિન આ શિક્ષણ સંસ્થાને અભિનંદન પણ પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું, આ શાળા આવનારા સમયમાં જ્ઞાનના પ્રકાશ પુંજ તરીકે ઉભરી આવશે અને સુરતના બાળકોના ભવિષ્યને ઉજ્જવળ બનાવશે.

# RAM NAVMI

રાજ્ય સહિત દેશભરમાં આજે રામ નવમીની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે રાજ્યમાં વિવિધ સ્થળોએ આજે શોભાયાત્રા અને રામ કથાનું આયોજન કરાયું છે. રાજકોટમાં આજે ભવ્ય રામ જન્મોત્સવ રથયાત્રા નાણાવટી ચોક ખાતેથી પ્રસ્થાન થઈ હતી. આ દરમિયાન અયોધ્યામાં સ્થિત રામ મંદિરની પ્રતિકૃતિ સાથેનો મુખ્ય રથ જોવા મળ્યો હતો. આ રથયાત્રામાં 2 હજાર જેટલા લોકો જોડાયા હતા

# SURAT RAILWAY STATION

સુરત રેલવે સ્ટેશનના પુનઃવિકાસના પ્રથમ તબક્કાનું કાર્ય 50 ટકા પૂર્ણ થઈ ગયું છે જ્યારે બાકીનું કામ 2027 સુધીમાં પૂર્ણ થશે. રેલ્વે સ્ટેશનનો લાંબા ગાળાની ક્ષમતા યોજના સાથે મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબમાં પુનર્વિકાસ કાર્ય અંગે માહિતી આપતા પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું હતું કે વધતી જતી મુસાફરોની માગને પહોંચી વળવા માટે આ પ્રોજેક્ટ 50 વર્ષના વિઝન સાથે તૈયાર કરવામાં આવી રહ્યો છે.

**(Byte: Vineet Abhishek, CPRO)**

# MEHSANA CHAITRI PUNAM

મહેસાણા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજી ખાતે 31 માર્ચ થી બીજી એપ્રિલ સુધી ચેત્રી પૂનમનો મેળો યોજાશે. જેમાં લાખો શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડશે. ત્યારે મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે વધુ 16 બસો દોડાવવાશે જે 530 ફેરા કરશે. બહુચરાજી ખાતે 3 અલગ અલગ સેકટર પ્રમાણે બુથની રચના કરાઈ છે. ઉપરાંત બહુચરાજી તરફના માર્ગ પર આવેલા ગામોના સરપંચોને સ્વચ્છતા અંગેની સૂચનાઓ અપાઈ છે.

# AMBAJI NAVRATRI

શક્તિપીઠ અંબાજીમાં ચૈત્રી આઠમે આજે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું. મા અંબાના ધામે ચૈત્રી નવરાત્રિની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે વહેલી સવારે હજારો ભક્તો મંગળા આરતીમાં જોડાયા હતા. આઠમ નિમિત્તે માઈભક્તોએ અંબાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# MADHAPUR MELO

પોરબંદરમાં આવતીકાલથી માધવપુર ઘેડ મેળાનો પ્રારંભ થશે. શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીના વિવાહ ઉત્સવ સમાન આ મેળામાં “એક ભારત, શ્રેષ્ઠ ભારત”ની વિષયવસ્તુ હેઠળ આ વર્ષે વિશેષ આયોજન કરાયું છે. મેળા દરમિયાન પશ્ચિમ અને ઉત્તર-પૂર્વના રાજ્યોના લોકનૃત્ય, લોકસંગીત અને રેતી કલા પ્રદર્શન તેમજ રમતગમતની પ્રવૃત્તિઓ યોજાશે. મેળાને લઈને તંત્ર દ્વારા તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. મેળામાં 11 સ્થળો પરથી લોકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી હોવાનું જિલ્લા કલેક્ટર S.D. DHANANIએ જણાવ્યું.

(BYTE : S.D. DHANANI)

# RAJKOT MEGA TRAIN

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને જામનગર નજીક વિન્ડમિલથી પ્રથમ લોંગ-હોલ "મેગા માલગાડી" ના સફળ સંચાલન સાથે સીમાચિહ્ન હાંસલ કર્યું છે. 87 વેગન ધરાવતી આ ટ્રેનને બે માલગાડીઓને જોડીને એક સિંગલ લોંગ-હોલ ટ્રેન તરીકે તૈયાર કરવામાં આવી હતી. આ ત્રણે 306 કિલોમીટરનું અંતર કાપ્યું હતું. આ પ્રથમ લોંગ-હોલ "મેગા ટ્રેન" ના સંચાલનથી ડિવિઝનને અંદાજે 40 લાખ રૂપિયાની આવક પ્રાપ્ત થઈ છે.

# DANG JAHERNAMU

ડાંગ જિલ્લામાં પ્રવાસન સ્થળો પર આવેલા જળાશયોમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ બહાર પડાયું છે. વિવિધ જળાશયોમાં નહાવા પડેલા વ્યકિતઓના ડુબી જવાથી મોતની ઘટનાઓ સામે આવતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જોવાલાયક સ્થળો, નદી, તળાવ, ધોધ, ચેકડેમ વિગેરે સ્થળોએ પ્રવેશબંધી કરી છે.